# આગ સામે સુરક્ષા

## આગ સામે સુરક્ષા

૮ થી ૧૩ વર્ષની વયજૂથનાં બાળકોમાં ૫ મુખ્ય સંકટો (વાવાઝોડું/ચક્રવાત, ઘરેલુ આગ, ભૂકંપ, લૂ લાગવી તેમજ વાવાઝોડું અને વીજળી) વિશે જાગૃતિ ફેલાવવા માટેના પાંચ સચિત્ર પુસ્તકો/કોમિક બુકનો સંપૂટ

પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી-૨૦૨૨

**પ્રકાશક:**

**ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા**
પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી પાછળ,
કોબા- ગાંધીનગર હાઈવે, રાયસણ,
ગાંધીનગર-૩૮૨૦૦૭ ગુજરાત, ભારત.
ફોન: (૦૭૯) ૨૩૨૭૫૮૦૪ / ૮૦૬ / ૮૦૮ / ૮૧૧
www.gidm.gujarat.gov.in

**સહયોગ:**

**યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ**
ગુજરાત સ્ટેટ ઓફિસ,
પ્લોટ નં. ૧૪૫, સેક્ટર ૨૦,
ગાંધીનગર-૩૮૨૦૨૧ ગુજરાત, ભારત.
www.unicef.in

ધોરણ ૭ના વર્ગમાં...
આજે ૧૪મી એપ્રિલ છે અને આપણા ફાયર બ્રિગેડના જવાનોની બહાદુરીની યાદમાં આ દિવસને આપણે ‘ફાયર સર્વિસ ડે’ તરીકે મનાવીએ છીએ.
આજે આપણે ફાયર સ્ટેશનની મુલાકાતે જઈશું.
અરે વાહ!
યે..યે...!
મોટા થઈને મને ફાયર ઓફિસર બનવાનું ગમશે.
મને તો ઊંચી ઊંચી સીડીવાળા અને ઘંટવાળા ફાયર ટ્રક બહુ જ ગમે છે.
યે..યે...!
આપણને ખૂબ મજા આવશે.
સર, અમને આવા પ્રવાસમાં જવાનું ખૂબ ગમે છે.

ફાયર સ્ટેશન ખાતે...
વિદ્યાર્થી મિત્રો, તમારું સ્વાગત છે !
હંમેશાં યાદ રાખો કે આગ એ જોખમી બાબત છે અને તેના થકી જાનમાલનું નુકસાન થઈ શકે છે. તેથી, આપણે બધાએ આગની દુર્ઘટનાને નિવારવા માટેનાં પગલાં વિશે ખૂબ જ જાગૃત તેમજ સાવધ રહેવું જરૂરી છે.
સર, અમારા વિદ્યાર્થીઓને આપની પાસેથી જાણવાનું અને શીખવાનું ગમશે.
હા સર.

આગ કેવી રીતે લાગે ?
દીવાલ ઉપર લગાવેલા અગ્નિ ત્રિકોણને જુઓ.
ઑક્સિજન
ગરમી
બળતણ

આગ કેવી રીતે શરૂ થાય છે અને ફેલાય છે તે જાણવા માટે આ અગ્નિ ત્રિકોણને સમજો.
આગ લાગવા માટે ૩ તત્વોની જરૂર પડે છે. ગરમી, બળતણ અને સળગવા માટે ઑક્સિજન.
ઑક્સિજન
ગરમી
બળતણ

EXIT
જો તમારા ઘરમાં આગ લાગે તો તમારે શું કરવું જોઈએ ?
ઓ બાપ રે! આ..ગ..!

EXIT
જો મકાનમાં આગ લાગે છે, તો આપણે બહાર નીકળી જવું જોઈએ અને બહાર જ રહેવું જોઈએ.
અને ગભરાવું જોઈએ નહીં!


એકદમ સાચું. મકાનની બહાર નીકળી જાવ અને બહાર જ રહો. જો કોઈ ઊંચી ઈમારતમાં હો, તો નીચે ઉતરવા માટે ફક્ત સીડીનો જ ઉપયોગ કરો. લિફ્ટનો ઉપયોગ કરશો નહીં. ક્યારેય પણ આગ લાગી હોય તેવા મકાન કે બિલ્ડીંગમાં કંઈપણ લેવા ન જવું. ફાયર બ્રિગેડ માટે ૧૦૧ અને એમ્બ્યુલન્સ માટે ૧૦૮ પર ફોન કરો.

EXIT
પરંતુ જો મકાનમાં ધુમાડો હોય તો અમે કેવી રીતે બહાર નીકળી શકીએ ?
બહાર નીકળવા માટે, તમારે ફાયર એસ્કેપ પ્લાનનું પાલન કરવું આવશ્યક છે. જો ધુમાડો હોય તો એક કપડું ભીનું કરીને, તેના વડે તમારા નાકને ઢાંકી દો અને જમીન ઉપર નીચા વળીને ઘૂંટણીયે ચાલતા બહાર નીકળો.

એકઠા થવાનું સ્થળ
તમે અહીં છો
EXIT
ELEV
હા સર, અમારી શાળામાં આવો એક એસ્કેપ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે તેમજ બહાર નીકળીને એકઠા થવા માટેની એક સલામત જગ્યા પણ નિશ્ચિત થયેલી છે.
વાહ ! એ તો ખૂબ સરસ કહેવાય. સ્થળ છોડીને, બહાર નીકળી જવાની મોકડ્રીલ યોજવી એ પણ અગત્યનું છે જેથી આગ લાગવા જેવી કટોકટીની સ્થિતિમાં પ્રત્યેક વ્યક્તિએ શું કરવાનું છે તેની તેમને ખબર હોય.
હા, સર, અમારી શાળા નિયમિતપણે આ પ્રકારની કવાયત હાથ ધરે છે.
આ ક્ષેત્રીય મુલાકાતના સ્વાધ્યાય તરીકે તમે લોકો તમારા ઘર માટે ફાયર એસ્કેપ પ્લાન તૈયાર કરશો, અને બહાર નીકળીને એકઠા થવા માટેની એક જગ્યા (એસેમ્બલી પોઈન્ટ) પણ નિશ્ચિત કરશો.
EXIT
જી ટીચર !
સર, તમે આગ સામે કેવી રીતે લડો છો તે કહો ને !



**અગ્નિશામક ઉપકરણો ઉપર દર્શાવેલા પ્રતિકો અને તેનો અર્થ.**

| | પાણી | ફોમ સ્પ્રે | ABC પાવડર | કાર્બન ડાયોક્સાઈડ | વેટ કેમિકલ |
|---|---|---|---|---|---|
| લાકડું, કાગળ અને કાપડ (A) | ✓ | ✓ | ✓ | ✗ | ✓ |
| જ્વલનશીલ પ્રવાહી (B) | ✗ | ✓ | ✓ | ✓ | ✗ |
| જ્વલનશીલ વાયુ (C) | ✗ | ✗ | ✓ | ✗ | ✗ |
| ધાતુ (D) | ✗ | ✗ | ✓ | ✗ | ✗ |
| રસોઈ માટેનું તેલ અને ચરબી (F) | ✗ | ✗ | ✗ | ✗ | ✓ |
| વિદ્યુત સંપર્ક | ✗ | ✗ | ✓ | ✓ | ✗ |


અને જો તમારાં કપડામાં આગ લાગે તો આ ત્રણ પગલાં યાદ રાખો...
સ્ટોપ... ડ્રોપ... રોલ...
સ્ટોપ
૧
જ્યાં છો ત્યાં જ ઉભા રહી જાવ
ડ્રોપ
૨
જમીન ઉપર સૂઈ જાવ
રોલ
૩
તમારા ચહેરાને હથેળી વડે ઢાંકી દો, અને આગ ઓલવાય નહીં ત્યાં સુધી આળોટતા રહો.
હું આશા રાખું છું કે આ પ્રવાસમાં તમને ખૂબ મજા આવી હશે. હવે તમારે તમારા પરિવારજનોને તેમજ પાડોશીઓને આગ સામે સુરક્ષા વિશે જાણકારી આપવી જોઈએ.
હા, અમને ખૂબ મજા આવી. અમે આગ અને તેનાથી બચવાના જરૂરી સુરક્ષા ઉપાયો વિશે ઘણું શીખ્યા.
તમે બધા એકદમ ધ્યાનપૂર્વક સમજતા હતા. હવે તમે અન્ય લોકોને પણ આગ સામે સુરક્ષા અંગે જાગૃત કરજો. આવજો બાળકો !
ચોક્કસ સર, અમે કરીશું ! આવજો.
આભાર.
આવજો !!

# આગ સામે સુરક્ષા

## શું કરવું ? અને શું ન કરવું ?

## આગ સામે સુરક્ષા

### શું કરવું ?

- ✓ શાંત રહો, ગભરાશો નહીં અને ભાગદોડ કરશો નહીં.
- ✓ એલાર્મ વગાડો અને તમારી આસપાસના લોકોને ચેતવો.
- ✓ સૌ પહેલાં સલામત રીતે દૂર જતા રહો. ત્યારબાદ મદદ માટે ફોન કરો.
- ✓ નજીકના બહાર નીકળવાના માર્ગનો ઉપયોગ કરો.
- ✓ મકાનમાંથી નીકળતી વખતે જો શક્ય હોય તો તમામ બારી- દરવાજા બંધ કરો. એ સુનિશ્ચિત કરવું જોઈએ કે મકાનમાં કોઈ પણ પાછળ રહી ન ગયું હોય અને તમે પોતે સુરક્ષિત હોવ.
- ✓ કટોકટીના સમયે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવેલ બહાર નીકળવાના રસ્તાનો ઉપયોગ કરો.
- ✓ સીડીનો ઉપયોગ કરો. "લિફ્ટનો ઉપયોગ કરશો નહીં".
- ✓ જો તમે તમારા ઓરડામાં ફસાઈ ગયા છો, તો દરવાજો બંધ કરો અને ધુમાડો અંદર આવી શકે તેવી કોઇ પણ તિરાડ કે જગ્યા હોય તો તેને બંધ કરી દો.
- ✓ બચાવ ટીમ કે અન્ય કોઇનું ધ્યાન આકર્ષિત કરવા બારીમાંથી બૂમો પાડો.
- ✓ હંમેશાં નીચા નમીને ધુમાડાથી નીચે રહેવું અને તમારા મોંને ઢાંકવાનો પ્રયત્ન કરો.

### શું ન કરવું ?

- ✗ આગ લાગી હોય ત્યારે ક્યારેય ઊભા ન રહેવું.
- ✗ ક્યારેય પણ, કોઈપણ કારણોસર આગ લાગી હોય તેવા મકાનમાં દાખલ ન થવું.
- ✗ અગ્નિશામક કર્મચારીઓથી સંતાઈને ન રહેવું તેવું બાળકોને સમજાવો. જો કોઈ વ્યક્તિ ગુમ થયેલ હોય તો અગ્નિશામક કર્મચારીને જણાવો. તેઓ સુરક્ષિત રીતે બચાવ કરવા માટે સજ્જ છે.
- ✗ આગ અને ધુમાડા માટે બંધ કરેલા દરવાજાને ખોલવા નહીં. કારણ કે જ્યારે તેઓ બંધ સ્થિતિમાં હોય ત્યારે આગ અને ધુમાડાને મર્યાદિત કરશે.
- ✗ સીડી, પરસાળ તેમજ આવવા-જવાના માર્ગને અવરોધિત ન કરવો કારણ કે બહાર નીકળવા માટે આ જ માર્ગ ઉપયોગી છે.
- ✗ આગની સ્થિતિમાં ક્યારેય પણ લિફ્ટનો ઉપયોગ ન કરવો. હંમેશાં સીડીનો ઉપયોગ કરો.
- ✗ તમારી ચીજવસ્તુઓ લેવા માટે ઊભા ન રહો.
- ✗ બૂમો પાડશો નહીં કે ભાગદોડ કરશો નહીં. આમ કરવાથી અન્ય લોકોમાં ગભરાટ ફેલાય છે.

Source : https://ndma.gov.in/

# શાળામાં આગ સામે સલામતી

**ફાયર ડ્રિલ્સ:**

- ફાયર સેફ્ટી પ્લાન તૈયાર કરો. આગની દુર્ઘટના નિવારવા માટે ચેકલિસ્ટ્સ (યાદી) તૈયાર કરો.
- શાળામાં યોજાતી ફાયર ડ્રિલ્સને હંમેશા ગંભીરતાથી લો અને જ્યારે પણ એલાર્મ સંભળાય કે તરત જ શાળા ખાલી કરો.
- નિયમિત રીતે ફાયર ડ્રિલનું આયોજન કરો.
- ધુમાડો અથવા આગનો પ્રથમ સંકેત જણાય કે તરત જ એલાર્મ વગાડો.
- શાળામાં આવેલા ફાયર એલાર્મ અને અગ્નિશામક ઉપકરણોનાં સ્થાનથી માહિતગાર રહો.
- અગ્નિશામક ઉપકરણો, આગ માટેના બ્લેંકેટ અને ફાયર હોઝ કેવી રીતે સંચાલિત કરવા તે શીખો.

**વર્ગખંડમાં:**

- શાળાના નક્શામાં, બહાર નીકળવાના માર્ગને સ્પષ્ટપણે નિશ્ચિત કરો અને આ નક્શાને વર્ગખંડના દરવાજાની બાજુમાં, જોઈ શકાય તે રીતે લગાવો.
- વિદ્યુત ઉપકરણો અને વાયરોને નિયમિત રૂપે ચકાસો અને વ્યવહારિક હોય ત્યાં ઉપકરણોને પ્લગમાંથી કાઢી નાખો.
- તમામ દરવાજાઓ અડચણ રહીત હોય તેની ખાતરી કરો.
- કચરાનો નિયમિત અને યોગ્ય રીતે નિકાલ કરો.
- બાલ મંદિર અને પ્રિ-સ્કૂલ નર્સરીમાંના ઉપયોગમાં ન હોય તેવા તમામ ઈલેક્ટ્રિક પોઈન્ટને સેફ્ટી પ્લગ વડે સુરક્ષિત કરો.
- વર્ગખંડોમાં મીણબત્તીઓ અથવા આ પ્રકારની જ્યોતનો ઉપયોગ કરશો નહીં.

**પ્રયોગશાળાઓ:**

- જ્વલનશીલ પ્રવાહીને યોગ્ય રીતે સંગ્રહિત કરો અને માન્ય સલામતી કન્ટેનર થકી જ તેનું વિતરણ કરો.
- એકમેકને સુસંગત ન હોય તેવાં રસાયણોને એકબીજાની પાસે સંગ્રહ કરવાનું ટાળો કારણ કે તેમાં ક્રિયા-પ્રતિક્રિયા થઈ અને આગ અથવા વિસ્ફોટ થઈ શકે છે.
- રસાયણોનું વાર્ષિક સર્વેક્ષણ કરો અને જૂનાં કે બિન ઉપયોગી હોય તેવા વિઘટનના સંકેતો દર્શાવતાં હોય એવા રસાયણનો નિકાલ કરો.
- જરૂરી લઘુત્તમ જથ્થાનો જ ઓર્ડર કરો અને સંગ્રહિત કરો.
- કોઈપણ પદાર્થ ઢોળાય કે ફેલાય તો તરત જ સાફ કરો.
- વિદ્યુતને લગતી,જોખમી જણાતી તમામ બાબતોનું સમારકામ કરો તેમજ ઓવરલોડિંગ ટાળો.

**મોટા ખંડો (હોલ) અને દરવાજાઓ:**

- બહાર નીકળવાના દરવાજાઓની ઓળખ માટે તેની ઉપર, બહાર નીકળવાનો રસ્તો દર્શાવતા ચિહ્નો લગાડો.
- આ તમામ દરવાજાઓમાં કોઈ અવરોધ ન હોય તેની ખાતરી કરો. બહાર નીકળવાના તમામ રસ્તાઓ અડચણ રહિત રાખો.
- હોલના ખુલ્લા દરવાજામાં કોઈ વસ્તુ, ફાચર કે ઠેસી ભરાવીને ન રાખો.
- દરવાજાઓ જામ થતા નથી તથા તેના મીજાગરા વગેરે છૂટા પડી નથી ગયા ને તે સુનિશ્ચિત કરવા માટે નિયમિતપણે તેની ચકાસણી કરો.
- કાયમી વાયરિંગના વિકલ્પ તરીકે એક્સ્ટેંશન કોર્ડ્સનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

# જો આગ લાગે તો

**આગ લાગી છે તેની જાણ થાય કે તરત જ...**

એલાર્મ વગાડો.

તરત જ આપાતકાલીન સેવાનો સંપર્ક કરો.

જો શક્ય હોય તો અને સલામત હોય તો જ યોગ્ય અગ્નિશામક ઉપકરણનો ઉપયોગ કરો.

**ફાયર એસ્કેપ પ્લાનને અનુસરો**

ફાયર એલાર્મ સંભળાય કે તરત જ મકાનમાંથી બહાર નીકળો. ફાયર એસ્કેપ પ્લાનને અનુસરો.



મકાનમાંથી બહાર આવીને એકઠા થવા માટે નક્કી કરેલા સલામત સ્થળ ઉપર પહોંચો.

# જ્ઞાન-ગમ્મત પ્રવૃત્તિ

## શાળા/ઘરનો ફાયર એસ્કેપ પ્લાન

ફાયર એસ્કેપ પ્લાન તૈયાર કરો અને તેને તમારી શાળા અથવા ઘરમાં બધા જ જોઈ શકે તેવાં મહત્ત્વનાં સ્થળ પર પ્રદર્શિત કરો.



એકઠા થવાનું સ્થળ

## ઘરની સલામતી માટેની કસોટી

નીચે આપેલા ચિત્રમાં ૭ અસુરક્ષિત પ્રથાઓ દર્શાવેલી છે તેને શોધી કાઢો અને અને તેના પર (✗)નું નિશાન કરો.

Credit : Electrical Safety Begins With Me, Safe Kids Foundation.

નોંધ :

નોંધ :

unicef for every child

GCERT Gandhinagar

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE